-૨૧/૫૫

કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ હસ્તકની પેટ્રોગ્રાફી અને મીનરલ કેમેસ્ટ્રી પ્રયોગ શાળાને રેફરલ કક્ષાની કરવા તથા N.A.B.L. ની માન્યતા પ્રાપ્ત કરવા અંગે.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૦૫-૪૩૨૭-છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪-૧૧-૨૦૦૫

**વંચાણેલીધોઃ-**

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૦૫-૪૩૨૭-છ, તા.૨૧-૧૧-૨૦૦૫

**સુધારો**

આ વિભાગના તા.૨૧-૧૧-૨૦૦૫ના સરખા ક્રમાંકવાળા ઠરાવથી, કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ, ગાંધીનગર હસ્તકની પેટ્રાગ્રાફી અને મીનરલ કેમેસ્ટ્રી પ્રયોગશાળાને રેફરલ કક્ષાની કરવા તથા N.A.B.L. ની માન્યતા પ્રાપ્ત કરવાના હેતુથી આ લેબોરેટરીને સોસાયટીમાં રૂપાંતરીત કરવા રાજય સરકારે સૈધ્ધાંતિક મંજુરી અંગેના હુકમો બહાર પાડેલ છે. જેમાં, ફકરા-૨માં નિર્દિષ્ઠ ખર્ચ અંગેની જોગવાઈ રદ કરી નીચે મુજબ જોગવાઇ સુધારીને વાંચવાની રહેશે.

પ્રથમ તબકકે, આ સોસાયટી એટલે કે હાલની લેબોરેટરી અંગે પ્રથમ ત્રણ વર્ષ દરમ્યાન આવર્તક ખર્ચ પેટે રાજય સરકાર દ્વારા ૮૫ટકા, ૭૦ ટકા અને ૫૫ ટકા ચોથા અને પાંચમાં વર્ષ માટે ૫૫ ટકા લેખેનો ખર્ચ રાજય સરકાર દ્વારા ભોગવવાનો રહેશે. ૫ વર્ષ પછી રાજય સરકાર દ્વારા કોઇ ગ્રાન્ટ આપવામાં આવશે નહિ.

જયારે, સોસાયટીનો તમામ મૂડી ખર્ચ ( Capital Expenditure) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લીમીટેડે ભોગવવાનો રહેશે.

ઉપર મુજબની જોગવાઇ સુધારીને વાંચવાની રહેશે, ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એન.શાહ)
સેકશન અધિકારી
ઉદ્યોગ અને ખાણ વિભાગ

**નકલ રવાના:-**

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ઉ.ખા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ચેરપર્સન કમ મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પાવર કોર્પોરેશન, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઔદ્યોગિક પાવર કોર્પોરેશન, વડોદરા
- ગુજરાત મીનરલ ઈન્ડસ્ટ્રી એસોશીએશન માર્બલ અને મીનરલ ચેમ્બર્સ, ડી.કે. હાઉસ પાછળ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬
- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રી(સેવા), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, છ૧ અને ડ૧ શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પસંદગી ફાઇલ

chh-branch-Order.